# ગાંધીનગરમાં નવોદિત વાર્તાલેખકો માટે એક દિવસીય વર્કશૉપ યોજાયો

**ડો. કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ, ધર્મેન્દ્ર ત્રિવેદીનું માર્ગદર્શન**



ગાંધીનગર, તા. ૮

તાજેતરમાં અખિલ ભારતીય હિંદી પ્રચાર પરિષદ - ગુજરાત દ્વારા એક નવલેખક વાર્તા લેખન વર્કશૉપ ગાંધીનગરમાં યોજાઈ ગયો. જેમાં પસંદ કરાયેલ નવા વાર્તાકારોએ ભાગ લીધો હતો. આરંભે રુદ્રી શુકલએ સૌ નવા સર્જકોનું પુષ્પગૂચ્છથી સ્વાગત કર્યું હતું. શ્રી ભાનુભાઈ દવેએ આ વાર્તા વર્કશોપના ત્રણેય તજજ્ઞ શ્રી ડૉ. કનૈયાલાલ ભટ્ટ, રાઘવજી માધડ અને શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીનો પરિચય આપી પુષ્પમાળાથી સન્માનિત કર્યા હતા. પછી સૌ ઉપસ્થિત સર્જકોએ પોતાનો પરિચય આપ્યો હતો.

ઉદઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન શ્રી ગૌતમભાઈ ગેડિયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે સમાજ અત્યારે ત્રણ પ્રકારમાં વહેંચાયેલો છે. પ્રથમ ધનવાન પછી બલવાન અને છેલ્લે જ્ઞાનવાન પણ જો સમાજનો વિકાસ કરવો હોય તો આ ક્રમ ઉલટો કરવાની જરુર છે. જ્ઞાનવાનને પ્રથમ સ્થાને મૂકીને એમને સન્માન આપવું પડશે. ટૂંકીવાર્તાના આ સેશનમાં રાઘવજી માધડે પોતાને ગામડાથી ગાંધીનગર સુધીની શબ્દયાત્રાને વાત કરી સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા અને ઓછા વાંચનને કારણે લેખનને થતી અસરોની વાત કરી હતી. ડૉ. કનૈયાલાલ ભટ્ટે નવી ટૂંકીવાર્તાની રચના રીતિ, નવા પ્રયોગો અને વિષયો સંદર્ભે વિગતે જણાવીને આજના યુગમાં નવા વાર્તાકારો સામે કેવા કેવા પડકારો છે તેના વિશે જણાવ્યું હતું. આ ઉપરાંત તેઓએ ખૂબ જ વાંચન ઉપર ભાર મૂકતા કહ્યું કે વાંચન વિના શબ્દ સાધી શકાતો નથી. શબ્દ આત્મસાત થાય તો જ સર્જન શક્ય બને છે. ત્રીજા તજજ્ઞ શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ વાર્તા લખવા માટે કેવી કેવી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે, વાર્તામાં વાર્તાતત્વ કેવી રીતે લાવી શકાય એની વિગતે વાત કરી હતી.

આ વાર્તાલેખન વર્કશૉપમાં ઊર્વિ અમીનએ " કોયલનો કલરવ'' તૃપ્તિ ત્રિવેદીએ ''છેલ્લી કસોટી'' રુદ્રી શુકલએ " મન્થલી મેજિક'' માયા ચૌહાણએ ''લટ્ટુ'' નિયતિ કાપડિયાએ " વસુંધરા'' નેહા તલાવિયા ''રાવણ'' સુધીર સુથારએ ''ચીંથરે વીંટેલ રતન'' રાજવીર સિંહ રાજપુતએ ''પશ્મિના'' વાર્તાઓનું પઠન કર્યું હતું. ત્રણેય સર્જક તજજ્ઞ દ્વારા દરેક વાર્તાઓની ઝીણવટભરી સમીક્ષા, ટીકા ટિપ્પણી કરવામાં આવી હતી જેમાંથી વાર્તામાં શું ના લખવું જોઈએ ? એની સમજ સૌને મળી હતી. આ વર્કશૉપમાં સંયોજક તરીકે પ્રા.ડૉ. ઊર્વિ અમીને સંચાલન અને આયોજન કર્યું હતું. આવા બીજા બે ત્રણ વર્કશોપ યોજવાનું નક્કી કરીને એમાં આવેલ શ્રેષ્ઠ વાર્તાઓનું એક સંપાદન કરવાનું પણ વિચારાયું હતું.

# એસ.કે.પટેલ સ્કૂલમાં 'સ્ટેજ શો' યોજાયો



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'સ્ટેજ શો'યોજાયો હતો. જેમાં જુનિયર કે.જી. ના બાળકોએ સ્ટેજ ઉપર પ્રેયર સોંગ પર ડાન્સ રજૂ કર્યો હતો. અને અલગ અલગ લેટેસ્ટ સોંગ પર પણ ડાન્સ રજૂ કર્યા હતા. તેમાં સિનિયર કે.જી. ના બાળકોએ સરસ મજાના શ્લોક તથા પ્રેયરો ગાઈ હતી. આ સ્ટેજ શો માં ભાગ લીધેલ તમામ બાળકોના પેરેન્ટ્સ જોવા આવ્યા હતા. તેમાં મુખ્ય મહેમાન તરીકે 'સોમાભાઈ સર'તથા સ્કૂલના હેડ 'જિનલમેમ'આવ્યા હતા.અને સ્કૂલના પ્રિન્સિપલ દિપાલી જોશી ની સાથે સોમાભાઈ સરે દીપ પ્રાગટ્ય કર્યા હતા. આમ આ સ્ટેજ શો માં બાળકોએ ખુબજ સરસ એવા ડાન્સ પરફોર્મ કર્યા હતા.

# જન્મદિને વધામણી



બિનલ શૈલેષ મુનશી
મો. ૯૮૨૫૭૮૭૬૪૭



દેવ-દેવન
હરજીભાઈ વાઘેલા



બીમલ હરિશભાઈ રાવલ
મો. ૯૮૨૫૭૮૭૬૪૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તોના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# સાદરા ખાતે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત રેલી કાઢવામાં આવી



ગાંધીનગર, તા. ૮

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા પખવાડા અંતર્ગત પ્રાથમિક શાળાના વિધાર્થીઓ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયમ સેવકો દ્વારા આખા ગામમાં સ્વચ્છતા અને નો પ્લાસ્ટિકની રેલી કાઢવામાં આવી હતી આવી હતી જેમાં પ્રાથમિક શાળાની પ્રાચાર્યા શ્રી રંજનબેન પટેલ અને અધ્યાપકોની વિશેષ ભૂમિકા રહી હતી શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૧૦૦ સ્વયમ સેવકો અને પ્રાથમિક શાળાના ૧૫૦ વિધાર્થીઓ સાથે રહી સ્વચ્છતાના પોસ્ટર અને સુત્રો સાથે સ્વચ્છતાના પખવાડા અંતર્ગત રેલી કાઢવામાં આવી હતી અને ગામના લોકોમાં ''નો પ્લાસ્ટિક'' અને ગામની સ્વચ્છતાના સંદેશો આપવામાં આવ્યો હતો કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ, ડો. અરવિંદ રામી અને શ્રી કુલદીપ રાબા દ્વારા કરવામાં આવ્યું હતું.

# એલ્યુમીની મીટ અને સાંસ્કૃતિક કાર્યક્રમ (CHROMOSOME-2K20)નું આયોજન



ગાંધીનગર, તા. ૮

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એલ્યુમીની સોસાયટી તથા અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એ સંલગ્ન પ્રયત્નથી એલ્યુમીની મીટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ (CHROMOSOME - 2K20) નું ભવ્ય આયોજન અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બીઆરઆઈ, અડાલજ ના પટાગંણમાં તારીખ : ૭-૨-૨૦૨૦ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ભૂતપૂર્વ ૧૧૩ જેટલા વિધાર્થીઓ તથા સંસ્થાના ૪૫૦ થી વધુ વિધાર્થીઓ , શિક્ષકો અને સંસ્થા તરફથી આમંત્રિત મહેમાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બીઆરઆઈ ના આઠમા સેમેસ્ટરરમાં ભણતી વિધાર્થી કુમારી રીટા જોશી (મૌસિકી) એ પોતાની મહાશાળા માટેની લાગણીઓને શબ્દોથી આકાર આપી 'અરિહંત ગાન' અતિથિ ગણની હાજરીમાં જનમેદની સમક્ષ પ્રસ્તુત કરી હતી.

શ્રીમાન ઉત્સવ પરમાર આસિસ્ટન્ટ ડાયરેક્ટર, DD ન્યુઝ, એ મુખ્ય મહેમાન તરીકે કાર્યક્મમાં હાજરી આપી હતી. તેમણે એમની વ્યક્તવ્યમાં કોલેજ કાળની દરેક પળોને માણવાની સાથે સાથે જવાબદાર વ્યક્તિ તરીકે ઉભરવા પર ભાર મુક્યો હતો. શ્રીમાન ડો. દિપક ગોંડલીયા , પ્રેસિડેન્ટ આર.એન્ડ.ડી ગ્લોબલ એમક્યોર ફાર્માસ્યુટિકલ લિમિટેડ , એમના વક્તવ્યમાં નવી ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટના ડેવલોપમેન્ટ માટે (નવા) ઈનોવેટિવ આઈડિયા પર ભાર મુક્યો હતો તથા દરકે વિધાર્થીઓને પોતાની એક અલગ પ્રતિભા બનાવા માટે અપીલ કરી હતી.

શ્રીમાન રિષભ જૈન સર, પ્રેસિડેન્ટ SSIU, એ CHROMOSOME - 2K20 ના આયોજકોને તેમના ભવ્ય આયોજન માટે અભિનંદન આપ્યા હતા. તથા સેમેસ્ટર ૮ માં ભણતી તથા અરિહંત ગાન ની રચિયતા રીટા જોશી (મૌસિકી) ને ૨૫૦૦ રૂપિયા રોકડા ઈનામ આપ્યું હતું . સાંસ્કૃતિક કાર્યક્મનો ઉદઘાટન વિધિ અંતર્ગત વિધાર્થીઓ તથા શિક્ષકગણની ઉપલબ્ધીઓ માટે અલગ અલગ પ્રકારના પુરસ્કાર આપીને તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. શ્રીમાન હિરેન કળીકર , એકેડેમિક ડાયરેક્ટર, પેરામેડિકલ SSIU, ને તેમની પુસ્તક ' હિરેન કળીકર ફોટોગ્રાફી' ની પ્રસ્તુતિ માટે પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્મમાં ૩૫ અલગ અલગ પ્રકારના કાર્યકમો આયોજિત થયા હતા, જેમાં ડાન્સ, સિંગિંગ, ડ્રામા, કવિતા, સ્પીચ,ગરબા જેવા રંગારંગ પ્રોગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અને ફેશન શો અને ડી.જે થી કાર્યકર્મની પુર્ણાહુતી કરવામાં આવી હતી.

# આરાધના વિદ્યાવિહાર શાળા દ્વારા પ્રવાસનું આયોજન



આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) વેદ ગ્રુપ દ્વારા શાળામાંથી સ્વામીનારાયણ ધામ, ગાંધીનગર ખાતે નાના ભલૂકાઓના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ એકઝીબીઝન અને મિરર શૉ તથા અલગ અલગ રાઈડસોનો આનંદ માળ્યો હતો. જેનાથી બાળકોમાં તર્કશક્તિ અને તેમના કૌશલ્યશક્તિમાં વધારો થશે.



સરકારી વિનયન કોલેજ, સે-૧૫, ગાંધીનગર ખાતે સંસ્કૃત વિભાગ દ્વારા 'સૃષ્ટિના યૌવન અને યૌવનની સૃષ્ટિ' એવા વસંતપંચમી - યુવાઉત્સવ' નું આયોજન કરવમાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્યશ્રી, ડૉ. આર. બી. કોઠારી સર, સમગ્ર કોલેજ પરિવારના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યમાં ઉત્સાહથી ભાગ લીધો. આચાર્ય અને સમગ્ર અદ્યાપકોએ દરેક વર્ગખંડમાં જઈને વિદ્યાર્થીઓનું પુષ્પ દ્વારા અભિવાદન કર્યું હતુ. ડૉ.માધવી ઉપાધ્યાયએ વસંતનું મહત્વ જણાવ્યું. આચાર્યશ્રીએ પણ વિદ્યાર્થીઓને વસંતપંચમી શા માટે ઉજવવી જોઈએ એ તરફ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું, તો વિદ્યાર્થીઓએ વસંતઋતુને અનુરૂપ ગીતો અને સરસ્વતી વંદના દ્વારા આ કાર્યક્રમનાં ધ્યેયને સફળતા પુર્વક સિદ્ધ કર્યું હતું.

# રાજભવન ખાતે NCC પ્રજાસત્તાક દિવસની સાપેક્ષમાં 'એટ હોમ' કાર્યક્રમનું આયોજન




ગાંધીનગર, તા. ૮

પ્રજાસત્તાક દિવસ કેમ્પ ૨૦૨૦માં ભાગ લેનારા તેમજ વિજેતા થનારા કેડેટ્સનું સન્માન કરવા માટે ગુજરાતના રાજ્યપાલ માનનીય આચાર્ય દેવવ્રતના યજમાન પદે ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના એડીશનલ જનરલ NCC ડાયરેક્ટોરેટ મેજર જનરલ રોય જોસેફ, NCCના અધિકારીઓ, કેડેટ્સ અને તેમના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બોલતા માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે, ગુજરાતના દ્ગઝ્ઝ ડાયરેક્ટોરેટ, દાદરા નગર હવેલી, દમણ અને દીવ ખાતે કેડેટ્સને નિઃસ્વાર્થ ભાવે તાલીમ આપીને તેમને સારા નાગરિક બનાવવા અને તેમને ભવિષ્યના પ્રહરીઓ બનાવવામાં આપેલા સમર્પણ બદલ મેજર જનરલ જોસેફ અને તેમની ટીમની પ્રશંસા કરતી હતી. સ્વચ્છ ભારત અભિયાન, રકતદાન શિબિરો અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓમાં નિઃસ્વાર્થ સેવા આપવા બદલ તેમજ તે પ્રકારે ગુજરાના યુવાનોમાં એક દશ્ટાંત પૂરું પાડવા બદલ તેમણે કેડેટ્સની પણ પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે મેજર જનરલ રોય જોસેફે ગત વર્ષે NCC ડાયરેક્ટોરેટ ગુજરાતે હાંસલ કરેલી સિદ્ધિઓ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજંયતી નિમિત્તે યોજાયેલા સંમેલનમાં દ્ગઝ્ઝના કેડેટ્સ દ્વારા કર્મભૂમિથી જન્મભૂમિ સાઈકલ રેલી અને મોટરસાઈકલ રેલી સહિત વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી જેની મદદથી સમગ્ર રાજ્યમાં ગાંધીજીના સંદેશા અને મૂલ્યોનો સફળતાપૂર્વક પ્રચાર કરી શકાયો હતો. નવલ કેડેટ્સે ખંભાતથી દાંડી સુધી નૌકા સ્પર્ધામાં ભાગ લીધો હતો અને વિપરિત સ્થિતિઓ વચ્ચે તેમણે આ સ્પર્ધા પૂરી કરી હતી જેમાં તેમની નીડરતા અને સાહસવૃત્તિ પ્રતિબિંબિત થઇ હતી. આ પ્રવૃત્તિઓ ઉપરાંત કેડેટ્સે દેશના વિવિધ રાજ્યોમાં યોજાયેલા અલગ અલગ કેમ્પમાં ભાગ લીધો હતો અને અત્યંત સારું પરફોર્મન્સ આપીને વિવિધ ઈનામો જીત્યા હતા. ઈદ્ઘઝ્ઝ ૨૦૨૦ દરમિયાન ડાયરેક્ટોરેટના કેડેટ્સે અત્યંત સારું પરફોર્મન્સ આપીને પ્રધાનમંત્રીની રેલીમાં બીજો ક્રમ મેળવ્યો હતો અને ૧૭ NCC ડાયરેક્ટોરેટની તમામ સ્પર્ધાઓમાં એકંદરે ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. બેસ્ટ કેડેટની સ્પર્ધામાં અમારા કેડેટ્સને બે સીલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મળ્યા હતા.

રંગારંગ કાર્યક્રમ દરમિયાન કેડેટ્સ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા જેની તમામ ઉપસ્થિતોએ ખૂબ પ્રશંસા કરી હતી. માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વાર્ષિક કેડેટ જર્નલનું વિમોચન પણ કર્યું હતું અને પ્રજાસત્તાક દિવસ કેમ્પ ૨૦૨૦માં ભાગ લેવા બદલ કેડેટ્સનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ સામુહિક ચા સાથે સંપન્ન થયો હતો તે દરમિયાન માનનીય રાજ્યપાલે કેડેટ્સ સાથે વાર્તાલાપ કર્યો હતો.